માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ
નોડલ અધિકારીની નિમણૂંક કરવા બાબત..

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-નડલ-૧૦૨૦૦૮(૬૦)-આર.ટી.આઈ સેલ
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૭-૭-૨૦૧૧

<u>પરિપત્ર:-</u>

માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫ ના અમલીકરણ માટે સચિવાલયના દરેક વહીવટી વિભાગ ખાતે નાયબ સચિવ કક્ષાના અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવા માટે દરેક વહીવટી વિભાગોને તા: ૧૮-૭-૨૦૦૬ ના પત્ર ક્રમાંક: સચબ/ ૨૦૦૫/ ૨૮/ આર.ટી.આઈ સેલ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ હતી. આ સૂચના મુજબ વહીવટી વિભાગો દ્વારા નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવેલ હતી. પરંતુ સમયાંતરે નિમણૂક કરવામાં આવેલ નોડલ અધિકારીશ્રીઓની વયનિવૃત્તી અથવા તેઓશ્રીની બદલી ને કારણે ખાલી પડતી જગ્યાએ અન્ય નોડલ અધિકારીશ્રીની નિમણૂક કરવાની કાર્યવાહી વિભાગો દ્વારા સમયસર કરવામાં આવતી નથી તેમજ સામાન્ય વહીવટ વિભાગને નોડલ અધિકારીશ્રીની નિમણૂકની અધતન માહિતી પણ નિયમિત રીતે સમયસર મોકલી આપવામાં આવતી નથી. જેના પરીણામે માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫ ના અમલીકરણ અંગે નોડલ અધિકારીશ્રીઓ સાથે આ વિભાગ દ્વારા કરવાના થતાં પત્રવ્યવહારમાં ઘણી મુશ્કેલીઓ પડે છે.

માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫ ના સુદ્રઢ અમલીકરણ માટે દરેક વહીવટી વિભાગ ખાતે નાયબ સચિવશ્રી કક્ષાના એક નોડલ અધિકારીશ્રી હોવા અત્યંત જરૂરી છે. તમામ વહીવટી વિભાગ ખાતે નોડલ અધિકારીઓની નિમણૂક બાબતે એકસૂત્રતા જળવાય અને કાર્યદક્ષ રીતે આ કાયદાની અમલવારી થાય તથા કાયદાની અમલવારી અંગે આપવામાં આવતી સૂચનાઓનું પાલન થાય તેમજ માંગવામાં આવતી માહિતીનું આદાનપ્રદાન સરળતાથી અને સમયસર થાય તે માટે સચિવાલય ખાતેના તમામ વહીવટી

(પાછળ)

વિભાગો ખાતે નાયબ સચિવશ્રી (સ્થાનિક મહેકમ) તરીકે ફરજ બજાવતા અધિકારીશ્રીની હોદ્દાની રૂએ માહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫ ની કામગીરી માટે નોડલ અધિકારીશ્રી તરીકે નિમણૂક કરવાની રહેશે.તમામ વહીવટી વિભાગોના નાયબ સચિવશ્રી (સ્થાનિક મહેકમ) ને કાયદાની અમલવારી માટે નોડલ અધિકારી તરીકે તાત્કાલિક નિમણૂક કરતાં હુકમો કરીને હુકમની એક નકલ સામાન્ય વહીવટ વિભાગ (આર.ટી.આઈ-સેલ) તેમજ સચિવશ્રી,ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગરને મોકલી આપવા માટે તમામ વહીવટી વિભાગોને આથી સૂચના પરિપત્રિત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.સી.પટેલ)
નાયબ સચિવ (આરટીઆઈ)
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,
.....................................વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ અને તમામ/શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
સીલેક્ટ ફાઈલ